તાત્કાલિક

ક્ર:-ઉમશ/ઉમા-૪/પગાર/૨૦૨૪ 2324-2351

કમિશનર, શાળાઓની કચેરી,

બ્લોક નં ૯/૧ ડો જીવરાજ મહેતા ભવન,

ગુ. રા. ગાંધીનગર

તા.૧૪/૦૬/૨૦૨૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

- જિ. અમદાવાદ શહેર , અમદાવાદ ગ્રામ્ય , અમરેલી, બનાસકાંઠા, ભાવનગર , ભરૂચ , જૂનાગઢ , ખેડા , મહેસાણા, નર્મદા, નવસારી,પાટણ,વડોદરા,વલસાડ,બોટાદ,ગીર સોમનાથ, મહિસાગર, પંચમહાલ, આણંદ ,દાહોદ,કચ્છ,રાજકોટ,સુરેન્દ્રનગર,સાબરકાંઠા,સુરત,મોરબી, છોટાઉદેપુર, અરવલ્લી

વિષય:- તા.૦૧/૦૧/૨૦૦૬ થી પુરા પગારમાં આવતા શિક્ષકોનો પગાર સિનિયર શિક્ષકો કરતા વધી જવાથી સરભર કરવા બાબત

સંદર્ભ: (૧)અત્રેના તા.૨૨/૯/૨૦૨૩ના પત્રક્રમાંક:ઉમબ/ઉમા-૪/કોર્ટમેટર/૨૦૨૩/૫૭૬૭-૬૮.

(૨)શિક્ષણ વિભાગના તા.૫/૬/૨૦૨૪ના પત્રક્રમાંક:ED/GMo/e-file/3/2023/0805/G-1

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, આપના નિયંત્રણ હેઠળની બિનસરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળામાં વર્ષ -૧૯૯૯/૨000માં નિમણૂક પામેલા અને તા.૦૧/૦૧/૨૦૦૬ પહેલા પૂરો પગારમાં આવેલ શિક્ષકના તા.૦૧/૦૧/૨૦૦૬ થી પુરા પગારમાં આવતા શિક્ષકોનો પગાર સિનિયર શિક્ષકો કરતા વધી જવાથી સરભર કરવા બાબતે આપના દ્વારા રજૂ થયેલ વિગતો મુજબ અત્રેના તા.૨૨/૯/૨૦૨૩ના પત્રથી શિક્ષણ વિભાગમાં દરખાસ્ત રજૂ કરેલ હતી.જે વિગતોમાં વિસંગતતા જણાતી હોઇ, સંદર્ભ-(૨)ના શિક્ષણ વિભાગના તા.૦૫/૬/૨૦૨૪ના પત્રથી સ્પષ્ટતા કરી નાણાં વિભાગના તા.૧૪/૯/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક PGR/ 102010/ 64/Pay Cell(M) ની જોગવાઇ મુજબ નાણાંકીય ભારણની વિગતો રજૂ કરવા અત્રે જણાવેલ છે.

નાણાં વિભાગના તા.૧૪/૯/૨૦૧૧ના ઠરાવની જોગવાઇ મુજબ સદરહુ ઠરાવ તા.૦૧/૦૧/૨૦૦૬ ની અસરથી લાગુ પાડવામાં આવેલ છે. પરંતુ તારીખ ૦૧/૦૧/૨૦૦૬ થી તારીખ તારીખ ૩૧/૦૩/૨૦૧૦ સુધીના પગાર તથા ભથ્થા તફાવતની રકમ નોશનલ ગણવાની રહે છે. તથા સુધારેલ એન્ટ્રી લેવલ પે તથા ભથ્થાની ચૂકવણી તારીખ ૦૧/૦૪/૨૦૧૦ થી કરવાની જોગવાઇ કરેલ છે. જ્યારે આપના દ્વારા અત્રે રજૂ કરવામાં આવેલ નાણાંકીય ભારણની વિગતો જોતાં કર્મચારીના ભારણની વિગતો તારીખ ૦૧/૦૧/૨૦૦૬ થી દર્શાવેલ હોવાથી આ વિસંગતતા અંગે સ્પષ્ટતા કરી નાણાં વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ના જાહેરનામા ક્રમાંક:( જીએન-૮) પીજીઆર-૧૦૦૯-૨-પે સેલ (એમ)થી ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો , ૨૦૦૯ ની જોગવાઇ અન્વયે નાણાં વિભાગના તારીખ ૧૪/૯/૨૦૧૧ના ઠરાવની જોગવાઇ મુજબ ચકાસણી કરી નાણાંકીય ભારણની વિગતો આ સાથે સામેલ નિયત પત્રકમાં તાત્કાલિક અત્રે રજૂ કરશો

પો. ફ્રુ.
૧૬-૬.

નાયબ શિક્ષણનિયામક

(૧૦+૨) ખાસ ઘટક

ગુ.રા.ગાંધીનગર

બિડાણ: નિયત પત્રક

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

- સેકશન અધિકારીશ્રી,(ગ-૧), શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭ , નવા સચિવાલય , ગુ.રા. ગાંધીનગર